## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**ના અમારી લેબમાં... ચુંટણી અને કોરોનાને કોઇ સબંધ હોય તેવુ પ્રમાણ નથી મળ્યુ...!!**

# વાવોલ સહજાનંદ શિલ્પ સાઈટની સામેથી રૂ.૬.૮૭ લાખના એલ્યુમિનિયમ સેકશનના મટીરીયલ્સની ચોરી

## રાત્રીના સમયે ચોર શખ્સો ૧,૭૫૩ કિલો એલ્યુમિનિયમની ચોરી કરી ફરાર

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના ન્યું વાવોલ સહજાનંદ શિલ્પ સાઈટની આગળ આવેલી ખુલ્લી જગ્યામાંથી રૂ.૬.૮૭ લાખના એલ્યુમિનિયમ સેકશનના મટીરીયલ્સની ચોરી થવા પામી છે. રાત્રીના અંધકારમાં તસ્કરો ૧,૭૫૩ કિલો એલ્યુમિનિયમની ચોરી કરી ફરાર થઈ જતા હાહાકાર મચી ગયો છે. બનાવ અંગે વેપારીએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કુડાસણ યોગેશ્વર ફલેટ ડી.૩૦૪ ખાતે મહેન્દ્રભાઈ માધવલાલ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે. તેઓ શ્રીજી એન્ટરપ્રાઈઝ નામે એલ્યુમિનિયમ સેકશનનો વેપાર કરે છે. સેકટર-૧૧ ખાતે વિજય શોંપીગ સેન્ટર ખાતે શ્રીજી એલ્યુમિનિયમની ઓફિસ અને સેકટર-૨૬ જીઆઈડીસી ખાતે ઈ-૭૮ ખાતે ગોડાઉન આવેલ હતું. જયારે વાવોલ ખાતે સહજાનંદર શિલ્પના નિમેશભાઈ અને સૌરવભાઈએ સાઈટનું એલ્યુમિનિયમ સેકશનનો ઓર્ડર આપ્યો હતો. જેથી વેપારી મહેન્દ્રભાઈએ ૯૮૪.૮૮૦ કિં.ગ્રામ. કિં.રૂ. ૩,૦૮,૯૭૨ તેમજ ૭૬૮ કિ.ગ્રા. કિ.રૂ. ૨,૪૦, ૨૭૯નું એલ્યુમિનિયમ સેકસનનું મટીરીયલ્સ મંગાવ્યું હતું. આ મટીરીયલ ઉપર બજરંગ પાવડર કોટીંગ અસારવાર અમદાવાદ ખાતે કોટેડની કામગીરી કરાવી હતી. તેના રૂ.૧.૩૮ લાખ અલગ થયા હતા. સહજાનંદ શિલ્પ સાઈટ ઉપર એલ્યુમિનિયમ સેકશનનું કુલ રૂ.૬.૮૭ લાખથી વધુની કિંમતનું ૧,૭,૫૩ કિલો વજનનું મટીરીયલ્સ તા.૧૬ ના રોજ આવી ગયું હતું. આ મટીરીયલ્સ વાવોલ સહજાનંદ શિલ્પ સામે ખુલ્લી જગ્યામાં ઉતાર્યુ હતું. જયારે આ સાઈટના સુપર વાઈઝરે મહેન્દ્રભાઈને આ મીટીરીયલ્સ આવી ગયું છે તે અંગે નિમિષભાઈને વાત કરી લેવા પણ જણાવ્યું હતું. ત્યારબાદ તા.૧૭ ડિસેમ્બરના રોજ મહેન્દ્રભાઈના એલ્યુમિનિયમ સેકશનના કારીગર આવ્યા ન હતા. તા.૧૮ ના રોજ હું રાજકોટ ખાતે એકઝીવેશનમાં ગયો હતો. ત્યારે સવારના નવ વાગ્યાના અરસામાં મહેન્દ્રભાઈના મોબાઈલ પર ગાંધીનગરથી સહજાનંદ શિલ્પના સુપરવાઈઝરનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે તમે સ્કિમ પર ઉતારેલુ એલ્યુમિનિયમ સેકશનનું મટીરીયલ્સ રાતના સમયે ચોરી થઈ ગયું છે. તા.૧૮ ના રોજ મોડીરાતના સાઈટ પર જઈને જોયુ તો મટીરીયલ્સ પડ્યું ન હતું. ત્યાં સાઈટ પર હાજર વોચમેન-સુપર વાઈઝર થી જાણવા મળ્યું હતું કે કોઈ ચોર શખ્સો તા.૧૮ ડીસેમ્બરના રોજ રાત્રીના એક વાગ્યા થી સવારના સાત વાગ્યા સુધીમાં આ ખુલ્લી જગ્યામાંથી એલ્યુમિનિયમ સેકશનના મટીરીયલ્સની ચોરી કરી લઈ ગયા છે. ત્યારે એલ્યુમિનિયમ સેકસન મટીરીયલ્સની આજદિન સુધી શોધખોળ કરવા છતા મળી ન આવતા વેપારી મહેન્દ્રભાઈએ રૂ.૬.૮૭ લાખના એલ્યુમિનિયમ મટીરીયલ્સની ચોરી અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## જીપીસીબીના ડેટા એન્ટ્રી ઓપરેટરનું બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૨૩

શહેરના સેકટર-૮ સ્થિત ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના સ્ટાફ કવાટર્સના બ્લોક નં.એ ની ખુલ્લી જગ્યામાંથી બાઈકની ચોરી થવા પામી છે. યુવકે બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના સેકટર-૮ ખાતે આવેલા સ્ટાફ કવાટર્સમાં એ -૪ ખાતે સિધ્ધરાજસિંહ પ્રવિણસિંહ ચૌહાણ રહે છે અને જીપીસીબીમાં ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે ફરજ બજાવે છે. સિધ્ધરાજસિંહ ચૌહાણ નોકરી પર આવવા જવા માટે બાઈક નં. જી.જે.૧૮.કયું.-૦૩૨૨ નો ઉપયોગ કરતા હતા. સિદ્ધરાજસિંહ વતનમાં કૌટુંબીક ભાઈના લગ્ન હોવાથી ગત તા.૨૫-૧૧-૨૨ ના રોજ સાંજના પાંચ વાગે બાઈક બ્લોક નં.એ ની સામે ખુલ્લી જગ્યામાં મુકીને ગયા હતા. લગ્ન પ્રસંગ પુરો થઈ ગયા પછી તા.૪ ડિસેમ્બરના રોજ બપોરના ગાંધીનગર સેકટર-૮ ખાતે આવ્યા હતા. જયારે બાઈક લેવા માટે જતા પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. બાઈક અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી છતા મળી આવ્યું ન હતું. યુવકે રૂ.૫ હજારની કિંમતના બાઈક ચોરી અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



સેકટર ૪ માં ચાલી રહેલ શ્રી રામકથામાં મોટી સંખ્યામાં આવી ભક્તો ઉપસ્થિત રહીને ભગવાનના ગુણગાન ગાઈને શ્રી રામ કથા નો આનંદ માણી રહ્યા છે. આ શ્રી રામ કથા ૨૮ મી તારીખ સુધી ચાલશે.

## લિયો ક્રિડ્સમાં ક્રિસમસ ડે નું આયોજન



રેડ ડે અને ક્રિસમસ નું આયોજન કરવામાં આવ્યું છે . ભૂલકાઓ લાલ વેશ - ભુશા મા સાનતા બનીને આવ્યા હતા. એક્ટિવિટી નું આયોજન કરવામાં આવ્યું છે. આપણી સંસ્કૃતિ ,વારસો અને તહેવારો નુ જાણ રાખવા માટે પ્રેરિત કર્યા.

## કોટેશ્વર ગામે જુગારની બાજી માંડીને બેઠેલા ત્રણ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના કોટેશ્વર ગામના જોગણી માતાના મંદિર નજીક ઓટલા ઉપર નદીવાળા વાસ ખાતે જુગારની બાજી માંડીને બેઠેલા ત્રણ જુગારીઓને અડાલજ પોલીસે રૂ. ૧૧ હજારથી વધુના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર અડાલજ પોલીસ મથકના જવાનો કોબા બીટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરતા હતા. તે દરમિયાન કોટેશ્વર ગામ પાસે આવતા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે કોટેશ્વર ગામ નદીવાળો વાસ ખાતે જોગણી માતાના મંદિર નજીક ખુલ્લી જગ્યામાં કેટલાક જુગારીઓ કુંડાળુ વળી જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળા સ્થળ પર જઈ રેઈડ પાડતા જુગારીઓમાં દોડાદોડી થઈ ગઈ હતી. પોલીસે ત્રણ જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસે પકડેલા જુગારીઓના નામ અને રહેણાંક અંગે પુછપરછ કરી હતી. જેમાં મુકેશજી રમેશજી ઠાકોર (ઉં.૨૬,રહે.નદીવાળો વાસ કોટેશ્વરગામ), જેણાજી ગલાજી ઠાકોર (ઉં.૪૦રહે. ઉમીયાનગર કોટેશ્વર ગામ), સાહિલ પુનાજી ઠાકોર (ઉં.૨૩ રહે નદીવાળો વાસ કોટેશ્વર ગામ) હોવાનું જણાવ્યું હતું.જયારે પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયાન રોકડા રૂ.૮૬૭૦ તેમજ દાવ પરથી મળી આવેલા રૂ. ૨૫૭૦ કુલ રૂ.૧૧૨૪૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વલાદ નજીક આઈવા ટ્રક પાછળ બાઈક ટકરાતા મહિલાનું મૃત્યુ

### દંપતિ સાદરા થી નરોડા જઈ રહ્યું હતું, બાઈક ચાલક અમદાવાદ સિવિલમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારના માર્ગો પર અકસ્માતનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. ત્યારે અમદાવાદ નરોડાના વૃધ્ધ દંપતિને વલાદ પાસે અકસ્માત નડ્યો હતો. જેમાં રોડની સાઈડમાં ઉભી રહેલી આઈવા ટ્રકની પાછળ બાઈક ઘુસી જતા ગંભીર ઈજાને પગલે પત્નીનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયુ હતું. જયારે બાઈક ચાલક પતિને પણ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. જયારે બનાવની જાણ થતા સ્થાનિક નાગરીકો દોડી આવ્યા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ નરોડા હરીદર્શન ચોકડી નજીક આવેલ તાપી રેસીડેન્સી બ્લોક નં. ૯-૧૧૭ માં રહેતા ગીરીશભાઈ વાઘેલા બાઈક નં. જી.જે. ૦૧. એલ.યુ.-૨૧૧૦ લઈને સાદરા ગામ કામ અર્થે ગયા હતા.

સાદરા થી નરોડા તરફ સાંજના સમયે જઈ રહ્યા હતા તે સમયે મોટા ચિલોડા થી નાના ચિલોડા તરફ જતા માર્ગ પર વલાદ પાસે રોડની સાઈડમાં ઉભા રહેલા ટ્રક નં.જી. જે.૦૯. એ.યુ.-૪૩૧૯ ની પાછળ ધડાકાભેર બાઈક ટકરાતા દંપતિને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં શારદાબેનને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મૃત્યુ નિપજયું હતું.

જયારે ગીરીશભાઈને સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયા હતા. અમદાવાદ હોસ્પિટલમાં પણ બેભાન અવસ્થામાં જ ગીરીશભાઈ સારવાર હેઠળ છે. ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયા હતા.બનાવ અંગે જયદિપ ગીરીશભાઈ વાઘેલાની ફરીયાદને પગલે ડભોડા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે દિવસથી જામેલી ઠંડીની મોસમથી શરદીના દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર શહેરમાં માર્ગોના રિસરફેસીંગ દરમ્યાન ગટરના ઢાંકણાઓ પર ડામર કામ થઈ જતાં હવે માર્ગોને ખોદી આ ઢાંકણા ખોલવામાં આવી રહ્યા છે.

● ગાંધીનગર જિલ્લાની વિવિધ કચેરીઓના શૌચાલયોની સફાઈને લઈ પ્રશ્નાર્થો ઉભા થયા છે.

● શેર બજારમાં આજે પણ સેન્સક્સમાં ઘટાડાનો ટ્રેન્ડ ચાલુ રહેતા ગાંધીનગરના રોકાણકારોમાં નિરાશાનું મોજુ ફરી વળ્યુ છે.

● દહેગામમાં હોસ્પિટલના નિર્માણની ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કરવા આજે ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ પહોંચ્યા હતા.

● આજે કિસાન દિવસની ઉજવણી જિલ્લામાં કરાઈ હતી. ભાદોલ અને ગાંધીનગરના બાસણ ગામે બાગાયત કચેરી દ્વારા ખાસ તાલિમનું આયોજન કરાયુ હતુ જેમાં ૩૭૦થી વધુ ખેડૂતોએ ભાગ લીધો હતો.

● ગાંધીનગર જિલ્લાતંત્ર દ્વારા આગામી જાન્યુઆરી માસમાં યોજાનારા કાર્યક્રમોના આયોજન અંગેની તૈયારીઓ આરંભી દેવાઈ છે.

● ગાંધીનગર શહેરમાં નવા ગેસ કનેક્શન (પીએનજી) માટે મોટી પ્રતીક્ષાયાદી હોવાની વાતોએ શહેરમાં ભારે ચર્ચા જગાવી છે.

● સે. ૭ના શોપીંગમાં સોલાર લાઈટો બંધ હાલતમાં હોવાથી સવારના સમયે અખબાર વિતરકો સહિત મોર્નિંગ વોકર્સને તકલીફોનો સામનો કરવો પડે છે.

● વિદેશથી આવી રહેલા હવાઈ મુસાફરો માટે નવી ગાઈડલાઈન સરકારે જારી કરી છે.

● દેલવાડ ગામે આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

● વાસણા ચૌધરી ગામે ગ્રામસભાનું આયોજન કરાયુ હતુ.

● કલોલમાં શ્રમિકો સુરક્ષા સાધનો વગર જ કામ કરવા મજબુર બન્યાની હકીકતો પ્રકાશમાં આવી છે.



રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી શૈક્ષણિક સંસ્થાઓમાં વિવિધ પ્રનવૃત્તિઓ કરાવીને કરવામાં આવી હતી. શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## બી.એસ.એફ હેડ ક્વાર્ટર ખાતે તાલીમ વર્ગનું આયોજન

ગાંધીનગર તા ૨૩

ગુજરાત સરકારના શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના નિયામકશ્રી રોજગાર અને તાલીમની કચેરી સંચાલિત જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા આગામી સમયમાં બી એસ.એફ ગાંધીનગર ખાતે ૩૦ દિવસીય નિવાસી તાલીમ વર્ગ શરૂ કરવામાં આવનાર છે. આ તાલીમ વર્ગમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવાર પાસેથી નિયત ફોર્મ માં અરજીઓ મંગાવવામાં આવે છે. જેમાં ઉમેદવારો એ ૩૦ દિવસ બી.એસ.એફ કેમ્પસમાં રહીને તાલીમ લેવાની રહેશે. આ તાલીમમાં રહેવા-જમવાની સુવિધા સાથે શારીરિક અને બૌદ્ધિક કસોટી માટે નિશુલ્ક તૈયાર કરાવવામાં આવશે. ઉમેદવાર ની હાજરી મુજબ પ્રતિદિન લેખે ૧૦૦/- રૂપિયા સ્ટાઈપેંડ મળવા પાત્ર રહેશે. આથી ગાંધીનગર જિલ્લાના ઉમેદવારો કે જેમણે અગાઉ રોજગારી કચેરી દ્વારા તાલીમ મેળવેલ હોય તે સિવાયના ઉમેદવારો એ જ કચેરી ખાતે રૂબરૂ આવીને ફોર્મ ભરવાના રહેશે. અરજી કરવા માટે જિલ્લા રોજગાર કચેરી,ગાંધીનગર, સી-વિંગ, પ્રથમ માળ સહયોગ સંકુલ સેક્ટર-૧૧ ગાંધીનગર ખાતે રૂબરૂ ફોર્મ મેળવી અરજી જમા કરાવી શકાશે.

## સોમવારે બાવાજીની ત્રીજ નિમિત્તે વાવોલ પાખી પાળશે

### આ દિવસે વાવોલ ગામના બજારો સંપૂર્ણ બંધ પાળે છે

ગાંધીનગર તા.૨૩

ગાંધીનગર મહાનગર પાલિકામાં ભેળવાયેલા ગ્રામ્ય વિસ્તારો આજે પણ તેમની કેટલીક પરંપરાઓને જાળવી રાખીને પોતાની ઓળખને સાબૂત રાખી રહ્યાં છે.

ગાંધીનગરના વાવોલમાં દર વર્ષે પોષ માસની શુક્લ પક્ષની તૃતીયાના દિવસને બાવાજીની ત્રીજ તરીકે ઓળખવામાં આવે છે અને આ દિવસે વાવોલ ગામના બજારો સંપૂર્ણ બંધ પાળે છે જે અનુસાર આગામી તા.૨૬મી ડિસેમ્બર સોમવારે વાવોલમાં બાવાજીની ત્રીજ નિમિત્તે બજારો સંપૂર્ણ બંધ રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર વાવોલના સુપ્રસિધ્ધ રામજી મંદિરના પૂર્વ મહંત પૂ. દામોદરદાસજી મહારાજ જે સમગ્ર ગામમાં ખૂબ જ લોકપ્રિયતા અને ગ્રામજનોમાં આદરભાવ ધરાવતાં હતાં તેમનો નિર્વાણ સમાધિ દિન પોષ માસની શુક્લ પક્ષની તૃતીયાનો દિવસ હોવાને કારણે તેમના માનમાં સમગ્ર વાવોલના ગ્રામજનો દ્વારા પાખી પાળવામાં આવે છે જેથી ગામમાં તમામ દુકાનો બંધ રહે છે.

## આજે સુંદરકાંડ સંગીતમય પાઠ

ગાંધીનગર તા.૨૩

શ્રી રામ ચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડ ના સંગીતમય પાઠ શ્રી કાન્તિભાઈ યોગી ની વ્યાસપીઠે આજે તારીખ ૨૪-૧૨- ૨૦૨૨, શનિવાર ના રોજ સાંજે ૦૭:૦૦ થી ૯:૩૦ કલાકે સેક્ટર - ૧ બી, પ્લોટ નં.૧૭૨/૧, ગાયત્રી મંદિર પાસે શ્રી ઉદ્ધવભાઈ એલ. પાઠ અને પરિવારના યજમાનપદે યોજાશે.

LED TV
રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

## પાલજ આઈ.આઈ.ટી મુકામે ઓલ ઈન્ડિયા રગ્બી અન્ડર ૧૪ ટુર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર તા.૨૩

ઓલ ઈન્ડિયા રગ્બી અંડર ૧૪ ટુર્નામેન્ટ આઈ. આઈ. ટી પાલજ ગાંધીનગર મુકામે તા.૨૧થી ૨૩ ડિસેમ્બર ના રોજ યોજાઈ રહીશે.

જેમાં ખેલાડીઓ ને તાત્કાલિક તબીબી સારવાર મળે તે માટે સવિતાબા ઓમ રાવલ હોસ્પિટલ, મોટા ચિલોડા એ હોસ્પિટલ પાર્ટનર તરીકે સેવાઓ આપની ને ડૉક્ટર અને સ્ટાફે ખડે પગે સેવાઓ પુરી પાડીછે તેની નોંધ તમામ રાજ્યોએ લીધી છે અને આ સેવા બદલ અભિનંદન પાઠવ્યા છે,

